# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CABINET MEETING

ગાંધીનગરમાં આજે મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, બેઠકમાં આરોગ્ય કર્મચારીઓની હડતાળ, ઉનાળાની શરૂઆતમાં સિંચાઈ માટે ખેડૂતોને આપવાના પાણી, ગરમી વધતાં તકેદારી અને રાહતના પગલા, તુવેર અને મગફળીના ટેકાના ભાવે ખરીદીમાં થયેલા આક્ષેપ, ગત બે દિવસમાં ગૃહમાં રજૂ થનારા ખરડા તેમ જ ગ્રામ પંચાયતોની અટકેલી ચૂંટણી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . .

# VIDHANSABHA MULU BERA

રાજ્યના ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા છ નવા સંગ્રહાલય બનશે. વિધાનસભામાં પ્રશ્નનો જવાબ આપતા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે આ વર્ષના અંદાજપત્રમાં સંગ્રહાલયોના સમારકામ માટે 39 કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું 'ગુજરાત વંદના સંગ્રહાલય'નું 12 એકર વિસ્તારમાં એકતાનગર ખાતે નિર્માણકાર્ય ચાલી રહી છે. આ માટે છેલ્લા બે વર્ષમાં અંદાજે ત્રણ કરોડ 93 લાખ રૂપિયાનો ખર્ચ કરાયો છે. શ્રી બેરાએ કહ્યું, આ સંગ્રહાલયમાં ગુજરાતની સ્થાપના અને દેશના વિકાસમાં રાજ્યના યોગદાનની ઝાંખી દર્શાવાશે. આ સિવાય નવા છ સંગ્રહાલયમાં કેવડિયા ખાતે દેશી રજવાડાઓનું સંગ્રહાલય, ભુજમાં વીર બાળ સંગ્રહાલય, કૃષ્ણદેવરાય સંગ્રહાલય, વડનગર

સંગ્રહાલયનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પાંચ સંગ્રહાલયોની નવીનીકરણની કામગીરી ચાલી રહી હોવાનું પણ શ્રી બેરાએ કહ્યું હતું.

. . . . . . . . . . . .

## PANSHERIYA ON AMRELI

**શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ અમરેલીની શાળામાં બાળકો દ્વારા પોતાને જ ઇજા પહોંચાડવાની ઘટના અંગે ચિંતા વ્યક્ત કરી છે. શ્રી પાનશેરિયાએ બાળકોને મોબાઈલ અને ગેમ્સથી દૂર રાખવા અપીલ કરી છે.**

**(બાઈટઃ પ્રફૂલ પાનશેરિયા, શિક્ષણ રાજ્યમંત્રી)**

. . . . . . . . . . . .

## NARMADA VIJ CHORI

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ- D.G.V.C.L. અને પોલીસે નર્મદાના રાજપીપળામાં એક જ જગ્યાએથી બે લાખ 74 હજાર રૂપિયાની વીજચોરી પકડી છે. બંને ટીમે સંયુક્ત રીતે દરોડા પાડતા અનઅધિકૃત વીજ જોડાણ મળી આવ્યાં તેમ જ વીજચોરી થઈ હોવાનું બહાર આવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.**

. . . . . . . . . . . .

# AMDAVAD POLICE ACCIDENT

**અમદાવાદના ત્રણ પોલીસ જવાનને હરિયાણામાં અકસ્માત નડતાં ડ્રાઇવર સહિતના 3 લોકોનાં મોત નીપજ્યા છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે, રામોલ પોલીસના ત્રણ જવાન પોક્સો કેસની તપાસ માટે લુધિયાણા જઈ રહ્યા હતા.**

**દરમિયાન તેમની કારનો હરિયાણાના ડબવાલીમાં અકસ્માત થતા એક પોલીસ કૉન્સ્ટેબલ, ગૃહરક્ષક અને ખાનગી ડ્રાઈવરનું મોત નીપજ્યું છે. જ્યારે એક પોલીસ સબ-ઈન્સ્પેક્ટર- P.S.I. ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાની જાણ થતાં અમદાવાદથી A.C.P. આઈ ડિવિઝન અને એક P.S.I. હરિયાણા જવા રવાના થયા છે.**

. . . . . . . . . . . .

# AMBAJI POLICE

બનાસકાંઠા પોલીસે અંબાજીના 18 સહિત સમગ્ર જિલ્લામાં 513 જેટલા ગુનેગારોની યાદી તૈયાર કરી છે. આ સાથે જ અંબાજીમાં અસામાજિક તત્વોના વીજ અને પાણીના જોડાણ કાપવામાં આવ્યા છે તેમ અંબાજીના પોલીસ ઇન્સ્પેક્ટર આર. બી. ગોહિલે જણાવ્યું હતું.

**(બાઈટઃ આર. બી. ગોહિલ, P.I. અંબાજી)**

. . . . . . . . . . . .

# NARMDA SP VISIT

29 માર્ચથી શરૂ થતી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાને પગલે નર્મદા જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુંબેએ પરિક્રમા માર્ગનું નિરીક્ષણ કર્યું. મળતી માહિતી મુજબ, મુલાકાત દરમિયાન શ્રી સુંબેએ રામપુરા ઘાટ, પાર્કિંગ, પગપાળા રૂટ પર લાઈટ વ્યવસ્થા, નદી પાર કરવા શહેરાવ ઘાટ ખાતે બની રહેલા કામચલાઉ બ્રિજ, જેટી અંગે સંબંધિત સંસ્થાના પ્રતિનિધિઓ સાથે ચર્ચા પણ કરી. આ વર્ષે પરિક્રમા માર્ગનાં તમામ રૂટ પર CCTV કેમેરાથી નિરીક્ષણ કરાશે. ઉલ્લેખનીય છે કે, નર્મદા પરિક્રમા 29 માર્ચથી શરૂ થશે.

. . . . . . . . . . . .

# MEHSANA TB MUKT

મહેસાણાના કડી તાલુકાના 27 ગામ સહિત જિલ્લાના 122 ગામ ક્ષયમુક્ત થયા છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. બી. બી. સોલંકીએ જણાવ્યું કે, દર એક હજારની વસતિએ એક વર્ષમાં 30 કે તેથી વધુ શંકાસ્પદ ક્ષય માટેની તપાસ કરવામાં આવે છે.

. . . . . . . . . . . .